પ્રશ્ન : ૦૧ :

નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. (૧૫ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

૧.૧ કોરોના વાયરસ પૂર્વે અને પછીનું ભારત – કેટલાંક નિરીક્ષણો

૧.૨ રીમિક્સ હિન્દી ફિલ્મી ગીતો – કેટલાં ઉપકારક?

૧.૩ ઑનલાઈન શિક્ષણ – લાભાલાભ

પ્રશ્ન : ૦૨ :

નીચેનાં બે વિકલ્પોમાંથી કોઈ પણ એક પંક્તિનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૨.૧ વનસ્પતિ નહીં, ન વેલ, નહીં વૃક્ષ જ્યાં ઝૂમતાં;
વિહંગ નહીં, રેડિયો ટહુકતો પૂરે વૉલ્યૂમે ...
- નિરંજન ભગત

૨.૨ વિધિનાં એ જ મહાનિર્માણ, પાર્થને કહો ચડાવે બાણ ... – ન્હાનાલાલ

પ્રશ્ન : ૦૩ :

નીચે આપેલ ગદ્યખંડનો (૩૩૦ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

* વિદ્યાપીઠોમાં દેખાતા આવા વિરોધાભાસો આપણને કેટલાક પાયાના વિરોધો તરફ દોરી જાય છે. અત્યાર સુધી આપવામાં આવતી ડીગ્રીઓનું આર્થિક મૂલ્ય એવા ડીગ્રીધારીઓની અલ્પ સંખ્યા અને ઉચ્ચ શિક્ષણ માટેનું અનુકૂળ વલણ ધરાવનારાઓની અલ્પસંખ્યા પર આધાર રાખતું હતું. પણ હવે જો ઉચ્ચ અભ્યાસ માટેનું અનુકૂળ વલણ ધરાવનારાઓની સંખ્યા વધી ગઈ હોય તો આપોઆપ એનું મૂલ્ય પણ અદૃશ્ય થઈ જાય છે અને એની સાથે જ અનિવાર્યતયા શ્રમવિભાજનની ચઢતીઊતરતી ભાંજણી પણ ભાંગી પડે છે. ઉચ્ચ શિક્ષણ માટેનું અનુકૂળ વલણ (એપ્ટિટ્યૂડ) પછી એને કશીક ડીગ્રીથી પ્રમાણિત કર્યું હોય કે ન કર્યું હોય, જો વધુ વ્યાપક બનતું દેખાતું હોય તો આ ડીગ્રી પસંદગીના એક નિર્ણાયક ધોરણ તરીકે કામ આપી શકે નહીં : સામાજિક દૃષ્ટિએ જે સન્તોષ પ્રાપ્ત થવો જોઈએ તે પણ દક્ષતા અને ગુણવત્તાના પર જ આધાર રાખે છે એમ કહી શકાય નહીં. ઉચ્ચ શિક્ષણ માટેનો અધિકાર અને વિકાસ માટેના અધિકાર સાથે સાથે જઈ શકે નહીં. આમ શિક્ષણથી ઉન્નતિની ખાતરી મળતી ન હોય તો બેમાંથી એક વસ્તુ સાચી છે. ક્યાં તો એ કેવળ સમયનો અપવ્યય છે, સમાજના પર લાદેલો વૃથા ભાર છે (કારણ કે એથી નથી લાભ થતો વિદ્યાર્થીને કે નથી લાભ થતો મૂડીવાદી સમાજને) ક્યાં તો એ સામાન્ય સ્વરૂપની ઉપયોગિતાનિરપેક્ષ એવી કેળવણી છે અને એવો વૈભવ સમાજને પરવડે છે. પણ એમ હોય તો શિક્ષણ માટેના અબાધિત અધિકારની એક અનિવાર્ય ઉપપત્તિ પણ આપણે સ્વીકારી લેવી પડે; જે શિક્ષણ કોઈ વ્યવસાય કે કારકિર્દી તરફ લઈ જતું નથી તેને વિદ્યાર્થીઓ સ્વીકારે છે તે કેવળ 'જ્ઞાનના ખાતર જ્ઞાન માટે,' વ્યવસાયલક્ષી શિક્ષણ તરીકે નહીં.

આ તબક્કે જ વિદ્યાપીઠની સંસ્થામાં રહેલા વિરોધો છતા થવા માંડે છે. વિદ્યાર્થીઓને અમુક ધોરણે જ પ્રવેશ માટે પસંદગી આપવાની પદ્ધતિનો વિદ્યાર્થીઓએ શિક્ષણ માટેના લોકશાહીમાંના અબાધિત અધિકારને નામે વિરોધ કર્યો. 'સૌને સરખી તક' એ સૂત્રને અનુસરીને કરેલી માંગણી અનિવાર્યતયા આપણને શ્રમવિભાજનના ચઢતાઊતરતા ક્રમની વ્યવસ્થાનો છેદ ઉરાડીને સમાનતા માટેના આગ્રહ તરફ લઈ જાય. શિક્ષણ માટેનો અધિકાર જો સૌ કોઈનો હોય, શિક્ષણ એ અમુક લોકોનો વિશિષ્ટાધિકાર ન હોય તો પછી એ શિક્ષણ પામનારને પણ કશો વિશિષ્ટાધિકાર પ્રાપ્ત ન થાય તે સ્પષ્ટ છે. ઉચ્ચ ઉપાધિ ધારણ

કરનારાઓએ પણ શરીરશ્રમ કરવાનો રહે, આને પરિણામે સમાજની શ્રમવ્યવસ્થાને, ટેકનિકલ શ્રમવ્યવસ્થાને પણ ફગાવી દેવાની રહે.

'વિદ્યાવિનાશને માર્ગે'

સુરેશ જોષી

પ્રશ્ન : ૦૪ :

નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ × ૫ પ્રશ્નો) (૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

* સુખ ક્ષણિક છે એટલે નશ્વર છે, તે વાત સાચી છે. જો સુખ ક્ષણિક ના હોય તો સુખ, સુખ બની જ ના શકે. મીઠાઈને મોઢામાં મૂકીને ચાવીને પેટમાં ઉતારી દેવામાં સુખ છે. મીઠાઈથી મોઢું ભરી રાખવાથી તો ગૂંગળામણ થશે, સુખ નહિ થાય. સુખ, શાશ્વત કે સનાતન હોય જ નહિ. માનો કે વૈકુંઠમાં અંતકાળ સુધી જીવાત્મા પરમાત્માનાં દર્શન કરવાનું શાશ્વત સુખ મેળવે છે. પરમાત્મા એક ક્ષણ માટે પણ દૂર થતા ના હોવાથી દર્શન, સામીપ્ય વગેરેનું સુખ પણ શાશ્વત છે આવું કહેવું બરાબર નથી, કારણ કે સંસારમાં પરમાત્માનાં દર્શન થતાં ન હોવાથી તથા તેના માટે તીવ્ર તાલાવેલી જગાડી હોવાથી તથા તેવા સંસ્કારવાળો જીવાત્મા દર્શન-સુખની શાશ્વતતા પ્રત્યે આકર્ષાય છે. પણ ખરેખર જો તેને સતત માત્ર પરમાત્મા જ દેખાયા કરે તો તે કંટાળી જશે અને બીજું કાંઈક જોવા મળે તો સારું તેવી અપેક્ષા કરતો થઈ જશે. તાજમહેલમાં સતત વસનારને તાજમહેલ જોવાનો રોમાંચ કે આનંદ નથી થતો. તે તો આવનાર નવા-નવા પ્રવાસીઓને જોવા તન્મય રહેતો હોય છે. કોઈપણ સુખને સાતત્યરૂપ મળે કે તરત જ તે સુખપણું ખોઈ બેસે છે. ક્ષણિકતામાં નવીનતા છે. આ નવીનતા સુખની કરોડરજ્જુ છે.

માનો કે એક આત્મા, મોક્ષગતિમાં દુઃખના નિતાન્ત આભાવાળા અને શાશ્વત સુખવાળા સ્થાનમાં અનંતકાળ સુધી સ્થિર થયો. ખરેખર તો આપણી આગળ સંસારના દુઃખોનું બિહામણું ચિત્ર વારંવાર દોરાયું હોવાથી આપણને આવા કોઈ શાશ્વત સુખના સ્થાન પ્રત્યે ભાવનાત્મક તીવ્ર આકર્ષણ જાગે છે. માનો કે આવું કોઈ મોક્ષનું ધામ હોય તોપણ ત્યાં દુઃખનો લેશ પણ ના હોવાથી સુખના પ્રકાર ના હોઈ શકે, એટલે ખરેખર તો ત્યાં સુખનું અસ્તિત્વ જ ના હોઈ શકે. અનંતકાળ સુધી કાંઈ જ કર્યા વિના માત્ર દુઃખાભાવરૂપમાં સ્થિર થવું તે ક્લૉરોફોર્મ સૂંઘાડવાથી થયેલી મૂર્છાવસ્થા જેવું થયું.

કેટલાક વળી પોતે સ્વયં બ્રહ્મરૂપ થઈ જવાથી શાશ્વત પરમસુખની પ્રાપ્તિ માને છે. આ પણ હાસ્યાસ્પદ છે. ખાંડ સ્વયં મધુરતામય હોવા છતાં પોતાની મધુરતાનું સુખ પોતે મેળવી શકતી નથી. કોઈ અન્ય જ - શરબત વગેરે દ્વારા - ખાંડનું સુખ મેળવે છે. ખાંડને બોરીમાં કે ડબ્બામાં સેંકડો વર્ષ બંધ કરી રાખવાથી કાંઈ તે પરમ સુખી થઈ જવાની નથી. એમ જો આત્મા, બ્રહ્મ થઈ જતો હોય અને બ્રહ્મ સિવાય બીજા કોઇનું અસ્તિત્વ જ ના રહેતું હોય તો એકલો બ્રહ્મ શાશ્વત, પરમસુખી ના થઈ શકે. સુખ માટે અનિવાર્ય શરત છે, દુઃખનું અસ્તિત્વ. ક્યાંક કોઈ દુઃખી હોય તો તેની તુલનામાં આપણે પોતે સુખી માનીએ છીએ. કોઈ દુ:ખી હોય જ નહિ, દુ:ખનું નામ પણ ના હોય તો સુખ કોને કહેવાય? સંસાર પ્રત્યે સતત ભારે નફરત પેદા કરવાથી આવા કોઈ કાલ્પનિક શાશ્વત સુખમાં માણસ રાચતો થઈ જતો હોય છે. ખરેખર તો તે પ્રત્યક્ષ સુખોનો દ્રોહી બનીને મર્યા પછીનાં કાલ્પનિક શાશ્વત સુખોની મધલાળમાં વ્યર્થની ક્રિયાઓ તથા મિથ્યા જ્ઞાનમાં રાચ્યા કરતો હોય છે. જો તેને ખ્યાલ આવી જાય કે સુખ ક્ષણિક જ હોય, શાશ્વત હોય જ નહિ; ક્ષણિકતાની સતત કડીઓ ઉમેરવાથી આપણને સુખમાં ચિરંજીવિતા દેખાય પણ તે પ્રત્યેક ક્ષણ કડીઓના કારણે દેખાય છે: તો તે ભૂલવું ન જોઈએ. આવું જ દુઃખનું પણ સમજવું. અર્થાત તે પણ ક્ષણિક છે. દુઃખ ક્ષણિક છે એટલે તેની નિવૃત્તિ કરી શકાય છે. જો તે શાશ્વત થઈ જાય તો તેની નિવૃત્તિ જ શક્ય ના બને.

ગીતા અને આપણા પ્રશ્નો
સ્વામી સચ્ચિદાનંદ

*

૪.૧ લેખકના મતે સુખનું સ્વરૂપ શું છે?
૪.૨ તાજમહલના ઉદાહરણથી લેખક શું કહેવા માંગે છે?
૪.૩ સુખ માટે લેખક શેને અનિવાર્ય શરત ગણે છે? શા માટે?
૪.૪ સુખ-દુઃખમાં ચિરંજીવિતાનો અનુભવ કેવી રીતે થઈ શકે?
૪.૫ મનુષ્યજીવનમાં સુખ-દુઃખની હાજરી વિશે લેખકનું શું માનવું છે?

પ્રશ્ન : ૦૫ : (આશરે ૧૫૦ શબ્દો) (૧૦ ગુણ)

'ક ખ ગ' વૈશ્વિક સ્વૈચ્છિક સંસ્થાના સહભાગીઓના પ્રયત્નોથી સમગ્ર વિશ્વમાંથી પોલિયો નાબૂદ થયો છે. સંસ્થાએ આ લક્ષ્ય સિધ્ધ કરવા કયા પ્રકારનું આયોજન કર્યું હતું એ અંગે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું સંસ્થાના પ્રમુખનું નિવેદન લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૬ : (આશરે ૧૦૦ શબ્દો) (૦૫ ગુણ)

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ભારત દેશ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. આ સંકટમાંથી સફળતાપૂર્વક ઉગરવા માટે માર્ગદર્શન આપતો પત્ર 'ત થ દ' વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગના પ્રૉફેસર ભારતના નાણાંમંત્રીશ્રીને સંબોધીને લખવા માંગે છે. આ પત્રનું લખાણ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 5

પ્રશ્ન : ૦૭ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

સોસ્યિલ મીડિયામાં પ્રસરતી અફવાઓથી સમાજ પર થતી નકારાત્મક અસર અંગે સાવચેત કરતું એક ચર્ચાપત્ર 'અ બ ક' નામના સમાજશાસ્ત્રી સ્થાનિક વર્તમાનપત્ર 'ચ છ ટ'ના તંત્રીને સંબોધીને લખવા ઇચ્છે છે. આ ચર્ચાપત્ર તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૮ : (આશરે ૨૦૦ શબ્દો) (૧૦ ગુણ)

તમે મિત્રો સાથે પશ્ચિમ બંગાળ સ્થિત 'શાંતિનિકેતન'ની લીધેલી મુલાકાત વિશે અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : ૦૯ :

આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. (૧૦ ગુણ)

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

*

**"My message is that we'll be watching you.**

**"This is all wrong. I shouldn't be up here. I should be back in school on the other side of the ocean. Yet you all come to us young people for hope. How dare you!**

**"You have stolen my dreams and my childhood with your empty words. And yet I'm one of the lucky ones. People are suffering. People are dying. Entire ecosystems are collapsing. We are in the beginning of a mass extinction, and all you can talk about is money and fairy tales of eternal economic growth. How dare you!**

**"For more than 30 years, the science has been crystal clear. How dare you continue to look away and come here saying that you're doing enough, when the politics and solutions needed are still nowhere in sight.**

**"You say you hear us and that you understand the urgency. But no matter how sad and angry I am, I do not want to believe that. Because if you really understood the situation and still kept on failing to act, then you would be evil. And that I refuse to believe.**

**"The popular idea of cutting our emissions in half in 10 years only gives us a 50% chance of staying below 1.5 degrees [Celsius], and the risk of setting off irreversible chain reactions beyond human control.**

**"Fifty per cent may be acceptable to you. But those numbers do not include tipping points,**

**most feedback loops, additional warming hidden by toxic air pollution or the aspects of equity and climate justice. They also rely on my generation sucking hundreds of billions of tons of your $CO_2$ out of the air with technologies that barely exist.**

**"So a 50% risk is simply not acceptable to us — we who have to live with the consequences.**

**"To have a 67% chance of staying below a 1.5 degrees global temperature rise – the best odds given by the [Intergovernmental Panel on Climate Change] – the world had 420 gigatons of $CO_2$ left to emit back on Jan. 1st, 2018. Today that figure is already down to less than 350 gigatons.**

**"How dare you pretend that this can be solved with just 'business as usual' and some technical solutions? With today's emissions levels, that remaining $CO_2$ budget will be entirely gone within less than 8 ½ years.**

**"There will not be any solutions or plans presented in line with these figures here today, because these numbers are too uncomfortable. And you are still not mature enough to tell it like it is.**

**"You are failing us. But the young people are starting to understand your betrayal. The eyes of all future generations are upon you. And if you choose to fail us, I say: We will never forgive you.**

**"We will not let you get away with this. Right here, right now is where we draw the line. The world is waking up. And change is coming, whether you like it or not.**

**"Thank you."**

**Climate activist Greta Thunberg, 16, addressed the U.N.'s Climate Action Summit in New York City (2019)**

પ્રશ્ન : ૧૦ :

સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧×૧૦=૧૦ ગુણ)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

૧૦.૧ : રૂઢિપ્રયોગનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.
૧૦.૧.૧ અગિયારા ગણવા
૧૦.૨ : કહેવતનો અર્થ સમજાવો.
૧૦.૨.૧ ઉંદર ફૂંક મારતો જાય અને કરડતો જાય
૧૦.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.
૧૦.૩.૧ દીવાસળી
૧૦.૪ : પંક્તિનો છંદ ઓળખાવો.
૧૦.૪.૧ ભરભરભર ભૂક્કો થાય આયાસપૂર્ણ, ઠરડ મરડ ખાંગા ખોંચરા અક્ષરોનો.
૧૦.૫ : અલંકાર ઓળખાવો.
૧૦.૫.૧ કમળકળી થકી કોમળું રે બેની અંગ છે એનું!
૧૦.૬ : શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
૧૦.૬.૧ જેને શત્રુ નથી તે
૧૦.૭ : શબ્દની જોડણી સુધારો.
૧૦.૭.૧ જીજીવિશા
૧૦.૮ : વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.
૧૦.૮.૧ વુક્ષોની પાંદડાંખચિત ડાળીઓ વચ્ચેથી પસાર થતાં જે પ્રતીરોધી સંગીતાત્મક ગૂંજાર થાય છે તેનાથી એની ગતી માપી શકાય છે.
૧૦.૯ : શબ્દની સંધિ જોડો અને છોડો.
૧૦.૯.૧ સંધિ છોડો | અન્યાર્થ
૧૦.૯.૨ સંધિ જોડો | અગ્ર + અશન
૧૦.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.
૧૦.૧૦.૧ આશ્ચર્ય વાક્ય બનાવો | આ ભયાનક દૃશ્ય છે.